**<u>ફોજદારી ઈન્કવાયરી નં. ૩૫/૨૦૨૬ ના કામે આંક–૦૧ લગત હુકમ</u>**

સદર કામે ફરિયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. હાલની આ ફરિયાદ આ કામના આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરેલ છે, ફરિયાદીએ પોતાનું સોગંદનામુ રજુ કરી, આરોપીને ડીમાન્ડ માંગણાની નોટીસ આ કામના આરોપીને ફરિયાદમાં જણાવેલ સરનામે મોકલેલ જે આરોપીને બજી ગયેલ છે અને તે રીતે આ કામના આરોપીને નોટીસની જાણ થયેલ હોય, તેની જાણ ફરિયાદીને હોવાનું પોતાના સોગંદનામામાં જણાવેલ છે.

આમ ઉપરોકત વિગતે સદર કામે આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું પ્રથમદર્શનીય જણાય છે, સબબ હાલની ઈન્કવાયરી ફેંસલ કરી, સદર કામ ફોજદારી કેસ રજીસ્ટરે લેવા હુકમ કરવામાં આવે છે અને આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ફરી મુ.તા. ૧૪ /૦૮/ ૨૦૨૬ ના રોજનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૫મી માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫ / ૦૭ /૨૦૨૬ (જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)
સ્થળ : સિધ્ધપુર. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર
કોડ નં.જીજે–૦૦૮૭૭

JPT